
# ભારતમાં રાષ્ટ્રીય સ્તરે ચાઇનીઝ માર્શલ આર્ટ્સમાં ગજાનન જેવી સિદ્ધિ ધરાવતા ગજાનંદ રાજપૂત

ગજાનંદ રાજપૂતનું નામ સાંભળવાની સાથે જ રાજયના જાણીતા માર્શલ આર્ટિસ્ટો તરત તેમના નામમાં નતમસ્તક થઈ જાય છે. તેઓ આમ પણ ક્ષત્રિય કોમના હોવાથી વીરરસ તેમના રક્તના કણેકણમાં ભણેલો છે. તેમણે પણ પોતાના આ વીરત્વને જરા પણ ન વેડફતા માર્શલ આર્ટ્સમાં પોતાની જબરજસ્ત ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. તેમનો જન્મ અમદાવાદમાં ૧૯૭૮માં ૨૮મી નવેમ્બરના રોજ થયો હતો. તેમના પિતાનું નામ શ્રી ભાગવત મૂલચંદ રાજપૂત છે અને માતાનું નામ શ્રીમતી જાનકીદેવી છે. તે રાજપૂત કુટુંબના બીજા નંબરના પુત્ર છે.

ગજાનંદ રાજપૂત ફક્ત જાણીતા માર્શલ આર્ટિસ્ટ છે એવું જ નથી, તેઓ ભારતમાં જુદા-જુદા પ્રકારની માર્શલ આર્ટ્સના પ્રણેતા પણ છે. તેઓ ફિલોસોફી ઓફ એશિયન માર્શલ આર્ટ્સમાં ડોક્ટરેટ ધરાવે છે. તેમનો અભ્યાસ ફક્ત થિયરી સુધી જ સીમિત નથી, તેઓ ઘણી બધી માર્શલ આર્ટ્સમાં બ્લેક બેલ્ટ જેવી ડિગ્રી પણ ધરાવે છે. હવે તેઓ જે માર્શલ આર્ટ્સમાં બ્લેકબેલ્ટ ધરાવે છે, તેમાં વુ-શુ(ચાઈનીઝ, ટે-ક્વાન-ડો(કોરીયન), લાન શૌ પાઈ(શાઓલિન), કરાટે(જાપાનીઝ) અને નોર્થર્ન શાઓલિન(ક્લાસિકલ ચાઈનીઝ)નો સમાવેશ થાય છે.




તેઓ ફક્ત બાર વર્ષના હતા ત્યારથી તેમણે તેમના વિસ્તારના શ્રેષ્ઠ માર્શલ આર્ટિસ્ટ લકી એન. ઠાકુરી પાસેથી માર્શલ આર્ટ્સની તાલીમ લીધી. માર્શલ આર્ટ્સમાં તેમની કુદરતી ક્ષમતાઓને માર્શલ આર્ટ્સ શિક્ષક અજય શિંદે અને દેવાંશુ પટેલે તરત ઓળખી લીધી. તેઓએ તેમને ઓપન સ્કૂલ બોર્ડ માર્શલ આર્ટસ કોમ્પિટિશનમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું. તેમણે પ્રથમ ગોલ્ડ મેડલ મેળવ્યો ત્યારે સ્વાભાવિક રીતે તે પ્રથમ ચેમ્પિયન બનવાની નજીકમાં હતા. ગજાનંદ ૧૯૯૫માં એક પ્રીમિયર તાઓલુ અને સાન્ડા કોમ્પિટીટર્સમાં એક હતા. ડિવિઝનોની કોમ્પિટિશનને અલગ ઓપન કેટેગરી તરીકે વિભાજીત કરવામાં આવી ન હતી. તેમણે પ્રોફેશનલ અને એમેચ્યોર્સ એમ બંનેમાં માર્શલ આર્ટ્સના ટાઇટલ જીત્યા છે. તેમની સૌથી મોટી ખાસિયત કહો કે વિક્રમ કહો તો એ કહી શકાય કે તેઓ ૧૯૯૯થી ૨૦૦૭થી નેશનલ માર્શલ આર્ટ્સમાં અપરાજિત રહ્યા હતા.




તેઓ પરંપરાગત કુંગફુ, પ્રવર્તમાન વુશુ, ઈન્ટર્નલ આર્ટસ અને ફાઈટિંગ કોમ્પિટિશનના પ્રમોટર છે. માર્શલ આર્ટ્સમાં તેમણે સોથી પણ વધારે પ્રમાણમાં જીતેલી ટ્રોફીઓ દર્શાવે છે કે તેઓ ફક્ત ગુજરાત રાજ્ય નહીં પણ રાષ્ટ્રીય સ્તરે પણ માર્શલ આર્ટ્સમાં અનપેરેલલ છે. કદાચ રાષ્ટ્રીય સ્તરે પણ માર્શલ આર્ટ્સમાં તેમના જેટલો પ્રતિભાશાળી વ્યક્તિ ભાગ્યે જ કોઈ હોય. ફક્ત એક કે બે ટ્રોફી જીતીને માર્શલ આર્ટ્સના ખાં થઈને ફરનારાઓ વચ્ચે ગજાનંદની સિદ્ધિઓ જબરજસ્ત છે.

ભારતમાં ચાઈનીઝ માર્શલ આર્ટ્સના ઉચ્ચ શિક્ષણ માટે ગજાનંદ રાજપૂતે ૧૯૯૯માં ભારતમાં ચાઈનીઝ વુશુ કુંગ-ફુ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી હતી. આ ઓર્ગેનાઈઝેશન હવે ઘણી બધી ડિસ્ટ્રીક્ટ લેવલ, સ્ટેટ લેવલ, નેશનલ લેવલની ચેમ્પિયનશિપ, સેમિનાર, ફેસ્ટિવલ્સ, ડિપ્લોમા અને વર્કશોપ્સનું આયોજન કરે છે.

ગજાનંદ રાજપૂતને ૨૦૦૬માં ચીન તરફથી શાઓલિન મોનેસ્ટરી માટે બે વર્ષનું આમંત્રણ મળ્યું હતું. તેના પરિણામે શિ ઝિંગ વાંગ અને માસ્ટર શિન યાન લુના નેજા હેઠળ તાલીમ મેળવી હતી. મોનાસ્ટેરી ખાતે બુદ્ધિસ્ટ સેરેમનીમાં ગજાનંદ રાજપૂતને શાઓલિન સાધુનું નામ શી હેંગ ચાંગનું ઉપનામ મળ્યું હતું. શાઓલિન ટેમ્પલની વોરિયર સેક્યુલર





## ચીનના શાઓલિન ટેમ્પલમાંથી તાલીમ મેળવનારા એકમાત્ર ભારતીય વુશુ ખેલાડી

# ગજાનંદ રાજપૂત ૧૯૯૯થી ૨૦૦૭ દરમિયાન માર્શલ આર્ટ્સમાં રાષ્ટ્રીયસ્તરે અપરાજીત રહ્યા હતા



ડિસિપલની ઉપમી પેઢીમાં આ સન્માન મેળવનાર તે પ્રથમ ભારતીય ખેલાડી બન્યા છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રકાશકોએ તેમના પર સૌથી પણ વધારે લેખ લખ્યા છે. આમાના કેટલાક મેગેઝિનોમાં માર્શલ આર્ટ્સ વર્લ્ડ(બરોડા), ઇન્ટરનેશનલ વુશુ કુંગફુ ટાઇમ્સ(પાકિસ્તાન) અને કોમ્બેટ વોરિયર ઇ-મેગેઝિન(અમેરિકા)નો સમાવેશ થાય છે. તેમણે શાઓલિન પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે શાઓલિન અંગે મોટાભાગના લોકો અજાણ હોય છે. કુંગફુ વુશુમાં હજારો શૈલીઓ હોય છે, તેમાની એક શૈલી શાઓલિન સ્ટાઈલ છે.ઓસ્કાર એવોર્ડ મેળવનારી ચાઇનીઝ ફિલ્મ ક્રાઉચિંગ ટાઇગર હિડન ડ્રેગનમાં પણ આ જ પ્રકારની ફાઇટ બતાવવામાં આવી હતી. શાઓલિન સ્ટાઇલની તાલીમ મેળવવા માટે બહુ ઓછા લોકો ક્વોલિફાઈ થઈ શકે છે. આ માટે ચીનના હેનન ખાતે આવેલા મંદિરમાં આ માટેની તાલીમ આપવામાં આવે છે. શાઓલિનની શરૂઆત ૧૧મી સદીથી થઈ હતી. તે સમયે તાલીમ મેળવનારા શાઓલિનના પ્રથમ જનરેશનના શિષ્યો તરીકે ઓળખાતા હતા.

ગજાનંદ રાજપૂતનું કહેવું હતું કે વીસેક વર્ષ પહેલાં ફક્ત શોખ ખાતર માર્શલ આર્ટ્સ શીખવાનો પ્રારંભ કર્યો હતો. પછી આ શોખ ઘેલછામાં પરિણમ્યો હતો. તેના પછી વધુને વધુ સઘન તાલીમ મેળવ્યા બાદ શાઓલિન ટેમ્પલની તાલીમની ઉત્કટ ઈચ્છા હતી. તે માટે આકરી મહેનત પણ કરી હતી અને ભારે પ્રયાસો કર્યા હતા. શાઓલિન ટેમ્પલના સાધુઓ તાલીમ માટે આવનારાની દરેક પ્રકારની કસોટી લે છે. તેમને તેમની તૈયારીઓને ધ્યાનમાં લઈને આ તાલીમ માટે પહેલેથી પસંદ થવાનો વિશ્વાસ હતો. ચીન અંગે તેમણે જણાવ્યું હતું કે ચીનમાં માર્શલ આર્ટ્સ ખૂબ જ લોકપ્રિય છે. ૪૦થી લઈને ૮૦ વર્ષની વ્યક્તિઓમાં માર્શલ આર્ટ્સને લઈને અજબની ઘેલછા જોવા મળે છે. તેમણે લોકપ્રિય થયેલી ટીવી સીરિયલ પૃથ્વીરાજ ચૌહાણમાં પણ થોડા સમય માટે એક્શન કોરિયોગ્રાફરની ભૂમિકા સંભાળી હતી.

આ ઉપરાંત તાજેતરમાં હોંગકોંગમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ફુંગફુ સ્પર્ધા દરમિયાન ભારતના પ્રસિદ્ધ ફુંગફુ કોચ ગજાનંદ રાજપૂતે એક્શન હીરો જેટલીને ફૂંગફૂની તાલીમ આપનારા કોચ બોબીન સાથે મુલાકાત કરી અને ફુંગફુની બારીકીઓ અંગે ચર્ચા કરી. હોંગકોંગમાં આયોજિત આ આંતરરાષ્ટ્રીય ફૂંગફુ સ્પર્ધામાં અનેક દેશોએ ભાગ લીધો હતો, તેમાં ભારતીય ટીમે કોચ ગજાનંદ રાજપૂતના નેજા હેઠળ શાનદાર દેખાવ કર્યો હતો. વુશુકુંગફુ ફેડરેશન ઓફ ઇન્ડિયાના મહાસચિવ તેમજ આંતરરાષ્ટ્રીય ફૂંગફુ કોચ ગજાનંદ રાજપૂતે પણ આ સ્પર્ધા દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે નિષ્ણાત ફુંગફુ કોચ સાથે તેના બારીકીઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. ફુંગફુમાં તેમની સિદ્ધિઓને ધ્યાનમાં રાખીને તેમને અમેરિકા અને સાઉદી અરેબિયા તરફથી પણ ઘણા એવોર્ડ મળી ચૂક્યા છે. ભારત અને ચીનમાં ફુંગફુના તફાવત અંગે તેમણે કહ્યું કે ચીનમાં તો ખેલાડી કુંગફુની તાલીમ લેતા-લેતા જ મોટો-મોટો થાય છે, ચીનમાં કુંગફુ માર્શલ આર્ટ્સ એક ખેલ નથી પણ કળા છે. જ્યારે ભારતમાં કુંગફુની તાલીમ કેટલીક શાળાઓમાં જ આપવામાં આવે છે અને તે પણ નિયમિત આપવામાં આવતું નથી.







**વુશુ સાથેની દસેક સ્પર્ધાઓમાં ગજાનન બ્લેકબેલ્ટ અને તેનાથી પણ વિશેષ અનુભવ ધરાવે છે**

# નાની વયે અપ્રતિમ સિદ્ધિઓનો સ્વામી એવો ગુજરાતનો માર્શલ આર્ટ્સ ખેલાડી પાર્થ પટેલ

રાજયના ખેડા જિલ્લામાં સેવલિયા ખાતે ૧૬ માર્ચ ૧૯૯૪ના રોજ પાર્થ પટેલનો જન્મ થયો ત્યારે પિતા વિમલેશભાઈ અને માતા મીનાબેનને કલ્પના પણ નહીં હોય કે તેમનો આ સુપુત્ર તેમનું નામ રોશન કરશે. લીમડીની પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટ સર્વોદયમાં અભ્યાસ કરતાં ૧૬ વર્ષના પાર્થે અમદાવાદમાં સેન્ટ્રલ વુશુ ગુઆન ખાતે સીફૂ ગજાનંદ રાજપૂતના નેજા હેઠળ માર્શલ આર્ટ્સની મૂળભૂત તાલીમ મેળવી હતી.

પાર્થે જુલાઈ ૨૦૦૭થી માર્શલ આર્ટની તાલીમ મેળવવાનો પ્રારંભ કર્યા પછી ૨૦૦૮માં ચાંદખેડા ખાતે યોજાયેલી થાંગથા સ્ટેટ કોમ્પિટિશન ઓફ માર્શલ આર્ટ્સમાં ગોલ્ડ જીત્યો હતો. આ સિવાય તેણે ૨૦૦૯માં જુકાડો સ્ટેટ ચેમ્પિયનશિપમાં પણ ગોલ્ડ જીત્યો હતો. તેણે વિજયકૂચ જાળવી રાખતાં ૨૦૧૦માં અમદાવાદ ખાતે યોજાયેલી સ્ટેટ ટે-કવાન ડો ચેમ્પિયનશિપમાં સિલ્વર જીત્યો હતો. તેમણે ફક્ત એક જ માર્શલ આર્ટ્સ સુધી સીમિત ન રહેતાં ૨૦૧૦માં ઇન્ડોનેપાલ વુશુકુંગફૂ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો.


તેના પછી તેણે ૨૦૧૦માં બીજી ઇન્ડો-નેપાલ બોડો બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો હતો. તેણે વિજયકૂચ જારી રાખતા ૨૦૧૦માં કોલકાતા ખાતે યોજાયેલી ત્રીજી નેશનલ માર્શલ આર્ટ્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો હતો. ૨૦૧૦માં તેના આ જબરજસ્ત પ્રદર્શન બદલ તેને બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો હતો.











ફક્ત સ્ટેટ અને નેશનલ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પણ ઝળહળતો દેખાવ કરતાં પાર્થે આઠમી ઝેંગઝુ ઇન્ટરનેશનલ શાઓલિન વુશુ ફેસ્ટિવલમાં બ્રોન્ઝ જીત્યો હતો. આ સ્પર્ધા ચીનમાં ઝેંગઝુ ખાતે ઓક્ટોબર ૨૦૧૦માં યોજાઈ હતી. તેના પછી તેણે ૨૦૧૧માં અમદાવાદ ખાતે યોજાયેલી નેશનલ વુશુકુંગફુ ફેસ્ટિવલમાં ગોલ્ડ જીત્યો હતો.

## ગજાનંદ રાજપૂત જેવા સિદ્ધહસ્ત નિષ્ણાતના હાથે બેઝિક તાલીમ મેળવી